






ભ્રષ્ટાચારની ભાંગમાં 'લોકપાલ' ભૂલાઇ ગયો!
ને અનામતની આગમાં 'કોલસો' હોલવાઇ ગયો!
જુલાઇ ગયો ને ઓગષ્ટ સાંભળી શોરબકોર -
મૌનીબાબાના મૌનથી આખો દેશ મૂલાઇ ગયો
(અમેરિકા માં ધજાગરો)




દંભી ચહેરે,
ચૂંટણી ની ચિંતાનો
ખિલખિલાટ!

ગાજ-વીજમાં,
વચન વરસાદે -
ન્હાય છે પ્રજા..

## ચિંતન

**યથા ધેન સહસ્રેષુ વસ્તો વિન્દતિ માતરમ્ ।**
**તથા પૂર્વકૃતં કર્મ કર્નારમનું ગચ્છતિ ॥**

'જેમ હજાર ગાયોનાં ટોળામાંથી પણ નાનું વાછરડું પોતાની મા ને ઓળખી કાઢે છે તેમ એવી જ રીતે પૂર્વે-પહેલાં કે પૂર્વજન્મોમાં કરેલાં કર્મો (સારાં કે પાપ કર્મો) પોતાના કર્તાને શોધીને તેની પાસે પહોંચી જ જાય છે.'

આજે કેટલા બધા પ્રધાનશ્રીઓ પોતાના પાતક કર્મો અને કૌભાંડોને ખૂન-બળાત્કાર કે કોઇને આત્મહત્યાના કારણ સુધી પહોંચાડ્યાં હોય એવા જ નજીકના જ ભૂતકાળમાં કરેલાં પાપ કર્મોના ફળ ભોગવતા જેલની કોટડીઓમાં બંધ છે. જે લોકો ગૃહપ્રધાન હતા, પોલીસ અધિકારી હતા, સત્તા જેમની સેવામાં હતી. કાયદો એમની પગચંપી કરતો છતાંય વિધિ-વિધાતા-કર્મદેવની સજામાંથી એવા સત્તાધિકારીઓ પણ બચી શક્યા નથી.

આપણને એમ હોય કે મારાં દુષ્કૃત્યો કોઇ જોતું નથી પણ ઇશ્વરીય આંખમાંથી કોઇ બાકાત રહી શકતું નથી. પાપ અને તેના પરિણામ તેના કર્તાને શોધી જ કાઢે છે.

અહીં આ વાત સમજાવવા જેને બુધ્ધિ કે વિચારશક્તિ નથી એવું વાછરડું જેમ હજાર ગાયોમાંથી પોતાની 'મા'ને શોધી કાઢે છે તેમ કર્મો-પોતાના કર્તાને કોઇ પણ સમયે શોધી જ કાઢે છે.

## સુવિચાર

- તમારી નિરાશાનું મૂળ કારણ એ જ છે કે તમે માત્ર પોતાના સ્વાર્થ અને સુખનો જ વિચાર કર્યા કરો છો **- ટોલ્સટોય**
- મને તો માટીનો ઘડો છે, એને વળી ફોડતાં વાર શી? પ્રેમભાવ રૂપી કાંકરી મારી કે ફૂટ્યો જ જાણવો **- વિવેકાનંદ**
- જો ક્રોધ પર તમે કાબૂ નહીં રાખો તો એ તમારા પર કાબૂ કરી લેશે **- હોરેશ**
- મૂર્ખ માનવી હંમેશાં ઘાંટા પાડીને બોલે છે નહીં તો એને કોઇ સાંભળે જ નહીં **- ગ્લેડસ્ટન**
- ચર્ચામાં ઉતરવું એ સારી વાત છે પણ મૌન રહેવું એ એનાં કરતાં પણ વધારે સારી વાત છે **- કાર્લાઇલ**
- જેની નિર્ણયશક્તિ દૃઢ અને શ્રેષ્ઠ છે, ભાગ્ય એને જ મદદ કરે છે **- યુરિપિડીઝ**
- બોલવાના દુઃખ કરતાં મૌન રહેવાનું દુઃખ વધારે સારું છે **- ઇબ્ન ગેબ્રિયલ**

## બોધ કથા

આપણે વિના કારણ પાણીનો બગાડ કરવાની ટેવ પડી છે, હાથ-પગ-સ્નાન વખતે પણ ઘણું બધું પાણીનો વેડફાટ થાય છે. હાથ-ધોવા, કોગળા કરવા, બ્રશ-દાઢી વખતે પણ કારણ વિના નળ ચાલુ જ રહે છે. પાણીનું 'મૂલ્ય' હજુ આપણે સમજતા નથી. ગુજરાતના કેટલાંય ગામમાં બે-ત્રણ દિવસે પીવાનું પાણી મળે છે. ૧૫-૨૦ રૂપિયે હવે પાણીની બોટલ મળે છે. છતાં આપણી આંખ ઉઘડતી નથી.

ગાંધીજી ત્યારે સાબરમતી આશ્રમમાં હતા. રોજ રાત્રે એક લોટી ભરી ઓશિકાં પાસે રાખતાં, સવારે ઉઠીને દાંતણ અને કોગળા કરીને મોઢું પણ એ લોટીના પાણીથી ધોઇ નાખતાં.

અંતેવાસી પંડ્યા એ આ વાત નોંધી અને એકવાર મજાકમાં ગાંધીજીને કહ્યું, બાપુજી! આપ તો નદી કાંઠે રહો છો અને પાણીની આટલી બધી કંજૂસાઇ શું કામ કરો છો?

ગાંધીજીએ જરા કડક શબ્દોમાં જવાબ આપ્યો : પંડ્યા! આ નદીમાં જે પાણી વહે છે તે શું મારા એકલાં માટે જ વહે છે? એ તો મારા જેવા કેટલાય માણસો ઉપરાંત પશુ-પક્ષી અને નાના-મોટા જીવ-જંતુઓ બધાને માટે વહે છે. એમાં મારો હક્ક તો આ લોટી જેટલો જ!

પંડ્યા એ છતાં દલીલ કરી, મને તો બાલ્ટી ભરીને મોઢું ધોવા પાણી જોઇએ!

ગાંધીજી કહે તમને ઢોળવા જોઇએ છે મોઢું ધોવા નહીં, જુઓ મારું મોઢું ક્યાંય કોરૂં છે?!

# ...અને પપ્પાના શબ્દો ઉપર વિશ્વાસ મુકી અમરે લોહી ટપકતાં હાથ છોડી દીધા... અને ઊંડી ચીસ એક નાનો ખડક સાથે અથડાવાનો અવાજ અને તરત તીવ્ર શાંતિ... હંમેશ માટે અમર - અમર થઈ ગયો

## "અંતિમ ચીસ" હૃદયદ્રાવક વાર્તા

- હર્ષદરાય ઉપાધ્યાય

વિજય ભાઇ એટલે ખ્યાતનમા બિઝનેશમેન. અમદાવાદ સ્થિત તેઓનો વેપાર ધમધોકાર ચાલે છે. પૈસાની રેલમછેલ છે. અને સુખી પરિવાર ધરાવતા તેઓ આજે ભારે દુઃખી સ્થિતિમાં જીવી રહ્યાં છે. કહેવાય છે કે સુખ કે દુઃખ ક્ષણવારમાં જીવન પલટી નાંખે છે. તેમની દર્દભરી કહાની ભલભલાની આંખો ભીની કરી નાખે તેવી છે.

દર વર્ષે દિવાળીમાં પરિવાર સાથે પ્રવાસે નીકળી પડતા તેઓ ગત વર્ષે પણ કુલુ-મનાલીના પ્રવાસે નીકળ્યા હતા. પ્લેનમાં મુસાફરી અને બાકીની મુસાફરી પ્રાઇવેટ કારમાં તેઓ કરતા. તેમના પરિવારમાં તેમનાં ધર્મપત્ની વીણાબેન તથા ૧૨ વર્ષનો પુત્ર અમર હતો. દીકરી સાસરે વળાવી હતી. જ્યાં પણ ફરવાં જતાં ત્યાં રીસોર્ટ જ બુક કરાવેલ હોય.

કુલુ-મનાલી જેવું સુંદર પ્રવાસન સ્થળ હતું. કુદરત સોળે કળાએ ખીલેલી હતી. હવા ખૂશ્નુમા અને તાજગીપૂર્ણ હતી. સવારનો બ્રેકફાસ્ટ પતાવી સાઇટ સીન માટે પરિવાર નીકળ્યો. પણ તેઓને ક્યાં ખબર હતી કે કાળ જુદા સ્વરૂપે તેમની રાહ જોઇ રહ્યો હતો.

પર્વતોની ગીરીમાળાઓનો અદ્ભૂત નજારો માણતા-માણતાં તેઓની કાર એક સુંદર લોકેશન પર પહોંચી. આનંદીત ત્રણે જણ ગાડીમાંથી ઉતરી પ્રફુલ્લિત ચહેરે ચારે બાજુંનાં દૃશ્યો માણવા લાગ્યાં. વ્યુ પોઇન્ટ આગળ તેઓ પહોંચ્યા. એક તરફ ઊંચી પર્વતમાળાઓ અને બીજી તરફ ઊં...ડી ખાઇ. દૂર ઊંચાઇથી નીચે પડતો ધોધ. અને માથે અથડાઇને જતાં વાદળોની વચ્ચે સ્વર્ગમાં હોઇએ તેવું લાગતું હતું. વ્યુ પોઇન્ટની પાળીની નીચે ભયંકર જંગલ-ઝાડી હતા. ખતરનાક ખાઇ હૈયું કંપાવી નાંખે તેવી હતી. વધુ ન રોકાવાનું બોર્ડ પણ ત્યાં હતું. વિક્રાળ પર્વતની શિલાઓ વચ્ચે ભયાનક વનરાજીમાં થોડેક નીચે પણ જોઇ શકાય શકાય તેમ ન હતું. વારંવાર પર્વત શિલાઓ ગબડવાનો ભય રહેતો. છતાં પ્રકૃતિનું સૌંદર્ય માણસને આ બધાથી ઉપર આનંદ-રોમાંચ આપનાર હતું. વીણાબેન કારની ડેકીમાંથી હળવો નાસ્તો લેવા ગયા. અમર પાળી પાસે હાથ ટેકવી ડરામણાં છતાં આકર્ષક દૃશ્યો જોયો હતો. વિજયભાઇ ગળામાં લટકાવેલાં બાઇનોક્યૂલરથી ધોધને નિહાળતાં હતા અને ત્યાં જ... અચાનક અમરની ચીસ સંભળાઇને હવામાં ઊડી ગઇ. વિજયભાઇ અને વીણાબેનને ઘડીભર કશું જ ન સમજાયું, અને તરત અમરને ન જોતાં બંનેનો જીવ અધ્ધર થઇ ગયો.

નાસ્તો જમીન ઉપર ઢોળાઇ ગયો. બંને બેવાકળાં પથ્થરની પાળી પાસે પહોંચ્યા પણ અમર ક્યાંય ન હતો. બંનેનો શ્વાસ અધ્ધર થઇ ગયો. ડ્રાઇવરનો જીવ તાળવે ચોંટી ગયો. ત્યાં નીચે ખાઇમાંથી - ખબર નહીં ક્યાંથી પણ અમરની તીણી ચીસ સંભળાઇ.

"મમ્મી - પપ્પા મને બચાવો. એક જગાએ ડાળી પકડી હું લટકી રહ્યો છું. મમ્મી - મને બચાવને. પપ્પા જલ્દી આવો." આ આક્રંદ ભલભલાનાં કાળજાં કંપાવે તેવું હતું. નીચે ક્યાંક અમર ડાળી પકડી લટકી રહ્યો હતો. પણ ક્યાં? તે કળાતું ન હતું. કશું દેખાતું ન હતું.

ત્યાં 'ધબ' અવાજ થયો. વિજયભાઇએ જોયું તો વીણાબેન બેભાન બની ગયા હતા. ડ્રાઇવરે તાત્કાલિક રેસ્ક્યુ ટીમને જાણ કરી, આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાવા લાગ્યાં હતાં. અચાનક પ્રકૃતિ ગંભીર - શાંત બની હતી.

રેસ્ક્યુ ટીમ આવી. તરત કામે વળગી. પરંતુ અહીંથી નીચે ઉતરવું અસંભવ હતું. કોઇ કાળે નીચે જવાય તેમ ન હતું. ટીમે શક્ય તમામ પ્રયત્ન કર્યા. અને છેવટે કશું થઇ શકે નથી એમ જયારે તેઓ બોલ્યા ત્યારે વિજયભાઇ મોંફાટ રડવા લાગ્યા. ભાનમાં આવેલા વીણાબેનની આક્રંદની ચીસો સાંભળી જતા આવતાં આવતોની ભીડ થવા લાગી. સૌનાં હૈયાં ધબકારાં ચૂકી જાય તેમ ધબકતાં હતા. લગભગ બધાંની આંખો રડસમ થતી હતી. ભારે હૈયે સૌ જવા લાગ્યા.

વરસાદ શરૂ થયો. ટીમે આ પરિવારને સમજાવવો શરૂ કર્યો. અમરની રૂદનની ચીસો વાતાવરણને ભારે ગમગીન અને મુંજારો અનુભવાય તેમ કરતી હતી. રડતાં - ડુસકાં ભરતાં અને વારેવારે જોરજોરથી રડતાં મા-બાપની સ્થિતિ જોતારા સૌ માટે અસહ્ય હતી.

"બેટા, ચિંતા ના કર. તને બચાવી લઇશું. અરે કોઇ મારા દીકરાને બચાવો." આવા દર્દભર્યાં શબ્દો ભલભલાને રડાવે તેવા હતા. રેસ્ક્યુ ટીમ અને પોલીસ સમજી ગઇ હતી કે અમર ને બચાવવો શક્ય નથી. અને વધુ વખત અહીં રોકાવાથી બીજા લોકોના જીવને ખતરો છે.

ખુબ કાળજું કઠણ કરી મા-બાપને આ સ્થળ છોડવા સમજાવવામાં આવ્યા પણ એ શક્ય ન હતું. બંને મરવા તૈયાર હતા. પણ ત્યાંથી તસુભાર ખસવાં તૈયાર ન હતા. રાત ઘેરાવા લાગી, લીલી વનરાજી કાળી બનવા લાગી રેસ્ક્યુ ટીમે જોયું કે કશું થઇ શકે તેમ નથી. ત્યારે આખરી ચેતવણી આપી સૌ ચાલ્યા ગયા. બસ હવે મા-બાપ એ નીચે ક્યાંક દર્દથી કણસતો - રડતો આક્રંદ કરતો અમર ત્યાં હતા. વરસાદે જોર પકડ્યું. નાના-પથ્થરો પડવા લાગ્યા. અમરનો સતત રડવાનો અને બચાવવા આજીજી ભર્યો નાદ ખુબ જ ડરામણો લાગતો હતો.

વિજયભાઇ સમજી ગયા કે દીકરો કોઇ કાળે બચશે નહીં અને સમય જતાં તેની તકલીફો વધશે. અને વીણાબેન તથા તેમનું ભાવિ સલામત નથી ત્યારે ન કલ્પી શકાય તેવો તેમણે ખૂબ જ ભારે - રડતાં હૈયે નિર્ણય લીધો.

પત્નીને સમજાવી ગાડીમાં બેસાડી. પોતે પાળ પાસે ગયા, નીચે કાંઇ જ દેખાતું ન હતું માત્ર અમરની ચીસો હતી. "પપ્પા મને બચાવો."

ત્યાં વિજયભાઇ બોલ્યા, "બેટા હાથ છોડી દે, હું નીચે તને ઝીલી લઇશ, હાથ છોડ બેટા, પપ્પા કહે તેમ કર. તને કાંઇ થશે નહીં."


અને પપ્પાના શબ્દો ઉપર વિશ્વાસ મુકી અમરે લોહી ટપકતાં હાથ છોડી દીધા... અને ઊંડી ચીસ એક નાનો ખડક સાથે અથડાવાનો અવાજ અને તરત તીવ્ર શાંતિ... હંમેશ માટે અમર - અમર થઇ ગયો.

## આજના દિવસનો મહિમા


- ભાનુપ્રસાદ એસ. દવે

### ૭મી સપ્ટેમ્બર

- દામોદર ખુશાલદાસ બોટાદકરની પુણ્યતિથિ.
- પ્રકૃતિના ભાવુક કવિ ગ્રહસંસારના મધુરા ગીતો ગાનારા કવિએ પ્રકૃતિ, ખંડકાવ્યો, ઊર્મિકાવ્યો, અને રાસ આપીને આપણા સાહિત્યને પ્રસિધ્ધ કર્યું.



- સેવા સંસ્થાના સ્થાપક ઇલા રમેશ ભટ્ટનો જન્મ ૧૯૩૩. કોમ્યુનીટી લીડરશીપ માટે મેગ્સેસે એવોર્ડ મળ્યો. ગુજરાતના સમાજજીવનમાં સ્ત્રીઓને સ્વનિર્ભર બનાવવામાં તેમનું યોગદાન નોંધપાત્ર છે.
- ૧૮૮૭ પ્રજ્ઞાપુરુષ



ગોપનાથ કવિ રાજનો જન્મ.

- ભાષાંતરકાર, પત્રકાર ઉછ્રંગરાય ઓઝાનો સુરત ખાતે જન્મ - ૧૮૯૦.
- જાણીતા ઉર્દૂ નવલિકાકાર પી.બેન દારનું અવસાન - ૭૯૭૬.
- ફિલ્મ નિર્માતા મુકુલ આનંદનું અવસાન - ૧૯૯૭

# ભારતમાંથી કયું પ્રાણી નામશેષ થવા આવ્યું છે?

### વિષય : પર્યાવરણ

(૧) વન્યજીવ અભ્યારણ્ય બનાવવાો આદેશ આપનારા પ્રથમ શાસક કોણ હતા?
(અ) અકબર (બ) સિકંદર (ક) અશોક (ડ) સિધ્ધરાજ જયસિંહ
(૨) ભારતમાં સ્થપાયેલ પ્રથમ રાષ્ટ્રીય ઉદ્યાન કયો છે?
(અ) વેળાવદર રાષ્ટ્રીય ઉદ્યાન (બ) પેરિયાર રાષ્ટ્રીય ઉદ્યાન
(ક) બાંદીપુર રાષ્ટ્રીય ઉદ્યાન (ડ) કાર્બેટ નેશનલ પાર્ક
(૩) માંસભક્ષી વન્યપ્રાણી હેણોતરો ગુજરાતમાં કયાં જોવા મળે છે?
(અ) કચ્છના રણમાં (બ) જેસોર અભ્યારણ્ય
(ક) વેદાવદર અભ્યારણ્ય (ડ) સૂરપાણેશ્વર અભ્યારણ્ય
(૪) કમલા નહેરૂ જિયોલોજિકલ પાર્ક કયાં આવેલો છે?
(અ) જૂનાગઢ (બ) વડોદરા (ક) અમદાવાદ (ડ) જામનગર
(૫) ભારતમાંથી કયું પ્રાણી નામશેષ થવા આવ્યું છે?
(અ) દીપડો (બ) ચિત્તો (ક) ગેંડો (ડ) સફેદ વાઘ
(૬) ગુજરાતનો કયો જિલ્લો જૈવમંડલીય આરક્ષિત ક્ષેત્રમં આવે છે?
(અ) જૂનાગઢ (બ) ભાવનગર (ક) નર્મદા (ડ) કચ્છ
(૭) માછલીઘરને અંગ્રેજીમાં શું કહે છે?
(અ) ફિશ હાઉસ (બ) ગ્રીન હાઉસ (ક) એક્વિના (ડ) એકેવેરિયમ
(૮) ભારતમાં સૌ પ્રથમ દરિયાઇ રાષ્ટ્રીય ઉદ્યાન કયાં સ્થાપવામાં આવ્યો હતો?
(અ) તમિલનાડુ (બ) પં. બંગાળ
(ક) જામનગર (ડ) ભાવનગર
(૯) ઓર્નીયોલોજી એટલે શું?
(અ) પ્રાણીઓનો અભ્યાસ (બ) પંખીઓનો અભ્યાસ
(ક) જીવજંતુઓનો અભ્યાસ (ડ) જળચર જીવોનો અભ્યાસ
(૧૦) ચીડના રસમાંથી શું બને છે?
(અ) ગુંદર (બ) રાખ (ક) લાખ (ડ) ટર્પેન્ટાઇન
(૧૧) પર્યાવરણ સંબંધી વિવાદો અંગે અદાલતની સ્થાપના કરનાર ભારત દુનિયાનો કેટલામો દેશ બન્યો છે?
(અ) બીજો (બ) ત્રીજો (ક) ચોથો (ડ) છઠ્ઠો
(૧૨) ગુજરાત રાજયના વન અને પર્યાવરણ મંત્રી કોણ છે?
(અ) કનુભાઇ ભાલાણી (બ) મંગુભાઇ પટેલ
(ક) દિલીપ સંઘાણી (ડ) વાસણભાઇ આહીર
(૧૩) કયા દેશમાં પક્ષીઓના ગીતોને રેકોર્ડ કરીને સાંભળવાનો શોખ છે?
(અ) અમેરિકા (બ) રશિયા (ક) કેનેડા (ડ) ઑસ્ટ્રેલિયા
(૧૪) મૂળભૂત રીતે પર્યાવરણના આંદોલનને કોણ પ્રેરણા આપી હતી?
(અ) જીન જેક્સ રૂસો (બ) હેનરી ડેવીડ થોરો
(ક) રોબોર્ટ ઓપન (ડ) રસેલ કાર્શન
(૧૫) કયા સંપ્રદાયમાં લીલા વૃક્ષોને કાપવા અને પશુઓની હત્યા કરવા વિરોધી આદેશ કરવામાં આવ્યાં છે?
(અ) શૈવ (બ) આર્ય સમાજ (ક) બિશ્નોઇ (ડ) વૈષ્ણવ




### ● વિવિધા ●

વિષય :- વિશિષ્ટ પ્રતિભાઓ

- ગૌરી શંકર ઓઝા **(શાસન) : મુત્સદી તત્ત્વજ્ઞ**
- 'ચકોર' (બંસીલાલ વર્મા) **(ચિત્રકલા) : વિખ્યાત વંગ્ય ચિત્રકાર**
- ચંદુલાલ શાહ **(ચલચિત્ર) : અગ્રણી ચલચિત્ર નિર્માતા.**
- ચંદ્રવદન મહેતા **(નાટ્ય) : આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત નાટ્યકલા વિદ્**
- ચીનુભાઇ ચીમનભાઇ **(ઉદ્યોગ) : અમદાવાદના પ્રથમ મેયર**
- ચિન્મય ધારેખાન **(રાજકારણ) : સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં ભારતીય મુત્સદી**
- ચીમનલાલ સેતલવાડ **(કાયદો) : અગ્રણી ધારાશાસ્ત્રી**
- ચીનુભાઇ માધવલાલ બેરોનેટ **(મિલ ઉદ્યોગ) : અગ્રણી ઉદ્યોગપતિ**
- ચુનીલાલ મડિયા **(સાહિત્ય) : સાહિત્ય સર્જક**
- છગનભાઇ પિંતાબર પટેલ **(શિક્ષણ) : શિક્ષણના ભેખધારી**
- છોટુભાઇ પુરાણી **(વ્યાયામ) : વ્યાયામ પ્રવૃત્તિના પ્રચારક**

### ● ગયા સપ્તાહમાં સવાલનો જવાબ

સવાલ - વિજયરાજે સિંધિયા કયા રાજયના મુખ્યમંત્રી હતા?
જવાબ - રાજસ્થાન

### ● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) નટુભાઇ દરજી : પેથાપુર
(૩) મહેશ એમ. જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા
(૪) આકાશ જી. પટેલ : સે-૨૩
(૫) શિવાંગ બી. પટેલ : સે-૨૯
(૬) શૈલેષ ઝેડ. પટેલ : સે-૨૭

### ● પૂછું એક સવાલ...?

(૧) અનિકેત પી. જોષી : સે-૨ ૩થી
પ્રશ્ન - આંતરરાષ્ટ્રીય ઓઝોન દિન કયારે ઉજવાય છે?
જવાબ - ૧૬મી સપ્ટેમ્બર
(૨) રાજ આર. સોલંકી : સે-૨૪થી
પ્રશ્ન - યુરી ગાર્ગરીન કોણ હતા?
જવાબ - પ્રથમ અવકાશ યાત્રી
(૩) દૈવી બી. વ્યાસ : સે-૨૨થી
પ્રશ્ન - ઈલેક્ટ્રીક ઈસ્ત્રીમાં કઈ ધાતુનો તાર વપરાય છે? જવાબ - નિક્રોમ
(૪) રાઠોડ ખુશાલી પી. સે-૨ ૩થી
પ્રશ્ન - સીસ્મોગ્રાફનો ઉપયોગ શું છે?
જવાબ - ધરતીકંપની તીવ્રતા માપવા
(૫) ધાર્મિક એસ. પટેલ : સે-૨૦થી
પ્રશ્ન - થેલેસેમીયા કેવા પ્રકારનો રોગ છે? : જવાબ - વારસાગત

### ● આ સપ્તાહનો સવાલ...?

**'ઓઝોન વાયુ પડ જાળવણી' અંતર્ગત આંતરરાષ્ટ્રીય કક્ષાએ કયા કરાર થયા છે?**

*આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ*

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર

### ● સાચા જવાબો :-

ક (h૬) ડ (૪૬) ઞ (૬૬) ઞ (૨૬) ઞ (૬૬) ડ (૦૬) ઞ (૭)
ક (૭) ડ (૭) ડ (૬) ઞ (h) ક (૪) ઞ (૬) ડ (૨) ક (૬)

## હાથી, વાનર અને શિયાળ

એક હતો હાથી. એક હતો વાનર. બંને જંગલમાં રહે. જંગલમાંથી એકવાર શિયાળ પસાર થતું હતું. તેણે હાથી અને વાનરને તકરાર કરતા જોયા. શિયાળ થોભ્યું.

હાથી અને વાનરે શિયાળ પાસે આવીને કહ્યું, ''અમારો ન્યાય કરો.''

શિયાળ કહે, ''તમારી તકરાર શું છે તે તો કહો.''

હાથી કહે, ''હું બળવાન છું એ વાત વાનર સ્વીકારતો નથી.''

વાનર કહે, ''એમ તો હું પણ બળવાન છું. હાથી માનતો નથી.''

શિયાળ કહે, ''તમારી તકરારનો ઉપાય એ કે પારખું કરીએ.''

પછી શિયાળ એમને નદી કિનારે લઈ ગયું, અને કહેવા લાગ્યું, ''જુઓ, પેલી નદીના સામા કિનારે નાળિયેરીનાં ઝાડ છે. જાઓ, એના પરથી નાળિયેર લઈ આવો. પહેલું આવે તે બળવાન.''

વાનર ઠેકડા મારતો ગયો. હાથી અંગ ડોલાવતો ઉપડ્યો. હવે નદી કિનારે આવીને વાંદરો અટકી ગયો. એને તરતાં નહોતું આવડતું.

હાથી નદી પાર કરીને સામે કાંઠે પહોંચ્યો. એણે સૂંઢ ઊંચી કરી પણ નારિયેળી સુધી ના પહોંચી.

બંને વિલા મોંએ પાછા ફર્યા. એમણે કહ્યું, ''અમે બળવાન નથી.''

શિયાળ કહે, ''એમ નથી, તમે બંને બળવાન છો જ. હું ખાતરી કરાવું.''

શિયાળે પછી હાથી તરફ ફરીને કહ્યું, ''હાથીભાઈ, હું કહું તેમ કરો. તમને તરતાં આવડે છે. આ વાનરને ઝાડ પર ચડતાં આવડે છે. હાથીભાઈ આ વાનરને પોતાની પીઠ પર બેસાડે. અને એ રીતે નદી પાર કરાવે. વાનર નાળિયેરી પર ચઢીને નાળિયેર તોડી લાવશે.''

વાનર કહે, ''અરે, મને આ તો સૂંઝયું જ નહીં.''

હાથી કહે, ''મને પણ આ સૂઝ્યું. પણ હવે આપણે એમ કરીએ.''

હાથીએ પછી વાનરને પીઠ ઉપર બેસાડી નદી પાર કરી. કિનારો આવતાં વાનર નાળિયેરી પર ચઢી નાળિયેર લઈ આવ્યો. બંનેને ખાતરી થઈ કે બંને બળવાન છે.

એ દિવસથી હાથી અને વાનર ઝઘડવાનું છોડી મિત્રો બની ગયા છે. બંને નાળિયેર ખાય છે, અને શિયાળ ત્યાંથી નીકળે તો એને પણ ખવરાવે છે.




### પ્રાણીઓ અને પક્ષીઓની વિશેષતા

સૌથી વધુ જીવનાર (૨૫૦ વર્ષ) પ્રાણી - **કાચબો**
સૌથી હલકું પ્રાણી - **એમેઝોન જંગલનો બંદર**
કાન ન હોય તેવું પ્રાણી - **સાપ**
સૌથી મોટું પ્રાણી - **વ્હેલ**
માનવીની માફક રડતું પ્રાણી - **રીંછ**
સૌથી ઊંચુ પ્રાણી - **જિરાફ**
સૌથી હિંચક પ્રાણી - **વાઘ**
સૌથી નાનુ પક્ષી - **હમીંગ બર્ડ**
સૌતી વધુ રંગીન પક્ષી - **પીઠા**
પોતાના બચ્ચાંને દૂધ પીવડાવતું પક્ષી - **ચામાચીડિયું**

### આ ચિત્રમાં રંગ પૂરો : ઉલ્ટા-સુલટા : પંડિત - મુલ્લા

દેશમાં આજકાલ માહોલ એવો જામ્યો છે કે માનવીનાં મન કોમી રીતે વહેંચાવાલાગ્યાં છે. પણ આપણા ચિત્રકાર બંધુએ ચીતરીને બતાવ્યું છે કે આમથી જુઓ તો પંડિત અને તેમથી જુઓ તો મુલ્લાજી! પછી ભેદ કયાં કરવો?



### બાળ મિત્રો,

'૫મી સપ્ટેમ્બર' ને શિક્ષકદિન તરીકે તમે ઉજવ્યો. ખૂબ મજા કરી હશે. એક દિવસ માટે તમે સૌ 'મોટા' બની ગયા અને સામે બેઠેલા વિદ્યાર્થીઓને ભણાવ્યા. આ કોઈ નાની સૂની વાત નથી. સૌની સામે ઊભા રહીને બોલવું અને ભણાવવું, એના માટે ખૂબ આત્મવિશ્વાસ જોઈએ. સ્વસ્થતાની વાત કરવા માટે સાહસ જોઈએ. તત... પપ.... થયા વગર, ભૂલ્યા વગર ભણાવવું એ બહું હિંમત માગી લે છે. તેથી જે કોઈ બાળમિત્રો 'શિક્ષક' બન્યા. તેમને ખૂબ ખૂબ અભિનંદન. આવી જ રીતે દરેક વિદ્યાર્થીઓ શાળામાં થતી તમામ પ્રવૃત્તિઓમાં ભાગ લેવો જોઈએ. અને પોતાની જેમાં આવડત હોય તેવી સ્પર્ધાઓમાં પણ ભાગ લેવો જોઈએ. તેનાથી આપણામાં આત્મવિશ્વાસ અને હિંમત કેળવાય છે.

### ચકલી

આવીને ઊડી ના જઈશ
    ઓ ચકલી! આવીને ઊડી ના જઈશ!
તને ચપટી ચવાણું દઈશ
    ઓ ચકલી! આવીને ઊડી ના જઈશ!
તને ખોબલે પાણી પાઈશ
    ઓ ચકલી! આવીને ઊડી ના જઈશ!
તને ધૂળમાં રમવા દઈશ
    ઓ ચકલી! આવીને ઊડી ના જઈશ!
તને ઘરમાં રહેવા દઈશ
    ઓ ચકલી! આવીને ઊડી ના જઈશ!
તને માળો બાંધવા દઈશ
    ઓ ચકલી! આવીને ઊડી ના જઈશ!
તારાં બચ્ચાંને ઊભી ઊભી જોઈશ
    ઓ ચકલી! આવીને ઊડી ના જઈશ

- જુગતરામ દવે